# ખેડાની રાઈસ મિલની આગમાં જવાબદારો છટકી જતાં રોષ

**મામલતદાર, પાલિકા,** ઔદ્યોગિક સલામતી વિભાગની બેદરકારી છતી થઇ



(પ્રતિનિધિ) ખેડા તા.25

ખેડા શહેરની મધ્યમાં આવેલી રાઈસ મિલમાં શુક્રવારના રોજ ભયંકર આગ લાગી હતી. આ આગની જ્વાળા બીજા દિવસે પણ જોવા મળી હતી. બીજી તરફ શહેરની વચ્ચે જ આવેલી આ ફેક્ટરીમાં ફાયર સેફ્ટી ન હોવા મામલે મામલતદાર, પાલિકા, ઔદ્યોગિક સલામતી વિભાગ સહિતના જવાબદાર અધિકારીઓ છટકી રહ્યાં છે.

ખેડાની રાઈસ મિલમાં બીજા દિવસે પણ આગના લપકારા જોવા મળ્યાં હતાં. ફાયર બ્રિગેડ દ્વારા સતત 24 કલાક દરમિયાન 5 લાખ લીટરથી વધુ પાણીનો છંટકાવ કરવા છતાં કોઈ કાળે આગ કાબુમાં આવી રહી નહતી. નડિયાદ અને ખેડા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા આખી રાત કામગીરી કરી હતી. આ આગમાં સૌથી મહત્વની બાબત એ છે કે, રાઇસ મિલના માલિક દ્વારા કોઈ જ સહકાર આપવામાં આવ્યો ન હતો.

આ અંગે ફાયર બ્રિગેડના સુત્રોએ જણાવ્યું હતું કે, ફેક્ટરીના માલિકને ફાયરના માણસો દ્વારા તૂટી ગયેલા પતરાના શેડને ખસેડાવા માટે વાત કરી હતી. પરંતુ શેડના પતરા અને એંગલો કાઢવામાં નહિ આવે ત્યાં સુધી આગ બુજાવવી શક્ય નહતી. આ આગમાં 5 લાખ લીટર કરતા વધુ પાણી વહી ગયું છે અને પરિણામ મળતું નથી. આગ બુઝાવવા પાણીનો મારો કરતાં પતરા ઉપરથી પાણી સીધું વહી જાય છે અને નીચે પ્લાસ્ટિકના જથ્થા સુધી પહોંચતું નથી.

ખેડાના અમુક વિસ્તારમાં અંધારપટ જોવા મળ્યો હતો. જોકે, મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સમી સાંજ બાદ વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો. રાઈસ મિલમાં લાગેલી આગનુ ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ રાઈસમિલમાં ફાયર સેફ્ટી નહી હોવાથી આગે વીકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ખેડા પાલિકામાં રાઈસમિલમાં ફાયર સેફ્ટી ન હતી. તે બાબતે ખેડા પાલિકામાં તપાસ કરતા ચીફ ઓફિસર અને એન્જીનીયર રજા પર છે, તેથી તે બાબતની માહિતી સોમવારે મળશે તેમ જણાવ્યું હતું.




**પ્લાસ્ટિકના લીધે આગ વધુ પ્રસરી હતી**

'પ્લાસ્ટિકના લીધે આગ વધુ પ્રસરી હતી. કુલીગની કામગીરી ચાલુ છે જે લગભગ એક કલાકમાં પૂર્ણ કરી દેવામાં આવશે. હાલ પણ બનાવ સ્થળે નડિયાદ, બારેજા અને ખેડાના વોટર બ્રાઉઝરો સ્થળ પર સ્ટેન્ડ બાય પર છે. 7 લાખથી વધુ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી છે.' **- ચિરાગભાઈ ગઢવી, ફાયર ઓફિસર, નડિયાદ.**

## ખંભાતમાં જુગાર રમતાં સાત પકડાયાં

(પ્રતિનિધિ) ખંભાત તા.5

ખંભાત ગ્રામ્ય પોલીસે નવાગામ વાંટામાં જુગાર રમતાં સાતને પકડી પાડ્યાં હતાં.

ખંભાત ગ્રામ્ય પોલીસે નવાગામ વાંટામાં 5મી જુલાઈની બપોરે દરોડો પાડી સાત શખ્સને જુગાર રમતાં પકડી પાડ્યાં હતાં. જેમની પુછપરછ કરતાં તે પિન્કેશ ઉર્ફે પિન્કો દિનેશ વેગડા, ઘનશ્યામ સવા પરમાર, જયંતી ભવાન દુલેરા, કિરણ ભાઈલાલ દુલેરા, મનુ નરસિંહ મહેરામણ, ચંદ્રકાંત ઉર્ફે સંજય હનુ પરમાર અને ભીખા હરજી દુલેરા હોવાનું જણાવ્યું હતું.ખંભાત ગ્રામ્ય પોલીસે સાતેય સામે ગુનો નોંધી રોકડ સહિત કુલ રૂ.5830નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# સંતરામપુર પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

**દાહોદનો યુવક કાર** લઇને અમદાવાદથી પરત ફરી રહ્યો હતો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.5

સંતરામપુરના લીમડા મુવાડી ગામના રોડ પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એકને ઈજા પહોંચી હતી.

દાહોદના ફતેપુરામાં રહેતા યાસીન અબ્દુલમજીદ ભાભોરનો ભાઇ જેનુલઆબેદીન (ઉ.વ.41) ફતેપુરા ખાતે છુટક કોમ્પ્યુટર રીપેરીંગનું કામ કરતો હતો. દરમિયાનમાં 3જી જુલાઈના રોજ જેનુલઆબેદીન ઈક્કો કાર લઈને બપોરના અમદાવાદ ગયો હતો. તે સંતરામપુરથી લુણાવાડા જતા રોડ પરથી પસાર થતો હતો તે સમયે અકસ્માત થયો હતો. આ અંગે યાસીનને જાણ થતાં તે સ્થળ પર પહોંચ્યો હતો. જ્યાં કારની ડ્રાઈવીંગ સીટ પર જેનુલઆબેદીન લોહી લુહાણ હાલતમાં હતો અને તેની બાજુમાં ઈમરાન યાસીનભાઈ ફુટવાલા (રહે. સંતરામપુર) પણ ઈજાગ્રસ્ત હાલતમાં હતાં.

આ અકસ્માત અંગે ઈમરાનને જણાવ્યું હતું કે, અમદાવાદથી સંતરામપુર આવતા સમયે લીમડા મુવાડી ખાતે આવેલા તે સમયે ટ્રક નં.જીજે 1 જેટી 1520ના ચાલકે ગફલતભરી રીતે હંકારી કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને ઘવાયાં હતાં. બન્નેને હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરે જેનુલઆબેદીનને મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો. આ અંગે યાસીને સંતરામપુર પોલીસ મથકે ટ્રકના ચાલક સામે ફરિયાદ આપતા ગુનો નોંધ્યો હતો.

# સંતરામપુરમાં છકડો પલટી જતાં યુવકનું મોત : છ મુસાફર ઈજાગ્રસ્ત

**સંતરામપુરના સરકારી** દવાખાના પાસે પુરપાટ ઝડપે જતી છકડો પલટી ગયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.5

સંતરામપુરના સરકારી દવાખાનાના સામેના રોડ પર પુરપાટ ઝડપે જતો છકડો અચાનક પલટી જતાં તેમાં સવાર સાત જેટલી વ્યક્તિ ઘવાઇ હતી. જેમાં એકનું મોત નિપજ્યું હતું.

સંતરામપુરના ટીંભરવા ગામમાં રહેતા લાખાભાઈ માનાભાઈ ડામોર 4થી જુલાઈના રોજ બપોરના રીક્ષામાં બેસી બજારમાં જવા નિકળ્યાં હતાં. તેઓ ઘરે પરત ફરવા માટે સંતરામપુર ગાયત્રી મંદિરની સામે રોડ પરથી ટીંભરવા ગામ તરફ જતા જીતુભાઈ ખાતુભાઈ ભગોરાના થ્રી વ્હીલ છકડા નં.જીજે 35 યુ 0022માં બેઠા હતાં. આ સમયે છકડામાં અન્ય છ મુસાફરો પણ હતાં. સંતરામપુરથી ટીંભરવા જતા સમયે સંતરામપુરની સરકારી દવાખાના રોડ પાસે પુરપાટ ઝડપે જઇ રહ્યાં હતાં, તે સમયે કતરૂ આડુ આવ્યું હતું. જેના કારણે ચાલકે અચાનક બ્રેક મારતાં છકડા પર કાબુ ગુમાવતાં તે પલટી ગયો હતો. આ છકડો પલટી જતાં તેમાં સવાર તમામ મુસાફરને નાની મોટી ઈજા પહોંચી હતી. જેમાં રાકેશ દલાભાઈ પારગી (ઉ.વ.31)ને માથામાં ગંભીર ઈજા પહોચી હતી.

આ અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને છકડો ઉભો કરી ઘવાયેલા તમામ મુસાફરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં રાકેશ પારગીને તપાસતા જ ડોક્ટરે મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે લાખાભાઈ ડામોરની ફરિયાદ આધારે સંતરામપુર પોલીસે છકડા નં.જીજે 35 યુ 0022ના ચાલક જીતુ ખાતુ ભગોરા સામે ગુનો નોંધ્યો હતો.

## ઠાસરા પાસે રૂ.2.77 લાખનો વિદેશીદારૂભરેલીકારપકડાઇ

(પ્રતિનિધિ) ડાકોર તા.7

ઠાસરા પોલીસે બાતમી હકીકતના આધારે ડાકોર - સેવાલીયા રોડ રાકેશ ભોજનાલયની સામે વોચ ગોઠવતા બાતમી હકીકત વાળી સ્વિફ્ટ ડિઝાયર ગાડી સેવાલિયા તરફથી આવતા પોલીસે કોર્ડન કરી ગાડી ઉભી રખાવી હતી .અને ચાલકની પુછપરછ કરતા રાજુ દોલારામ ડામોર (રહે.રાફડાફળિયું .જી. ડુંગરપુર રાજસ્થાન)નો હોવાનું જાણવા મળ્યુ હતુ. બાદમાં ગાડીની પાછળની ડિકી ખોલીને જોતા ખાખી કલરના પુંઠાના બોક્ષમાં અલગ અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરલો જોવા મળ્યો હતો. જેમા વિદેશી દારૂ તથા બિયરના ટીન મળી કુલ 1080 જેની કિમંત રૂ.2,77,920- તથા અંગ જડતીમાંથી મળેલી રોકડ રૂ.520- ,એક મોબાઈલ કિમંત રૂ.5000- તથા ગાડીની કિમંત રૂ.પાંચ લાખ મળી કુલ્લે 7,83,440નો મુદ્દામાલ પકડાયો હતો. જે અંગે પોલીસે ડ્રાઈવરને કડક પુછપરછ કરતા રાજસ્થાનના સુરેન્દ્રસિંહે દારૂ ભરાવીને વડોદરા હાઈવે પર ફોન કરી ઉતારવા જણાવ્યું હોવાની કબુલાત આપી હતી જે અંગે ઠાસરા પોલીસે ગુનાહિત કૃત્યમાં સંડોવણી ધરાવતા બન્ને આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ ચલાવી છે.

# ઠાસરાની ટીચર્સ કો. ઓપ. ક્રેડિટ સોસાયટીમાં 2.12 કરોડનું કૌભાંડ

**વર્ષ 2016થી 2022** દરમિયાન સભાસદોની જાણ બહાર લોન ઉધારી હતી

(પ્રતિનિધિ) સેવાલીયા, તા.4

ઠાસરા સ્થિત ધી ઠાસરા ટીચર્સ કો. ઓપ. ક્રેડિટ સોસાયટીના મંત્રી અને મરઘાકુઇ પ્રાથમિક શાળાના શિક્ષકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ધી ઠાસરા ટીચર્સ કો. ઓપ. ક્રેડિટ સોસાયટી લી.માં હાલ ગળતેશ્વર તથા ઠાસરા તાલુકાના 1148 સભાસદ છે. આ સોસાયટીમાં અગાઉ 2જી એપ્રિલ, 2012થી 16મી જાન્યુઆરી, 2022 સુધી મંત્રી તરીકે અજીતસિંહ રાવસિંહ ઝાલા, પ્રમુખ તરીકે 10મી ઓગષ્ટ, 2010થી 16મી જાન્યુઆરી, 2022 સુધી ગોકળભાઈ હેમાભાઈ ઠાકોર ફરજ બજાવતાં હતાં અને કોમ્પ્યુટર કલાર્ક તરીકે પંકજભાઈ ડી. પરમાર હતાં. વર્ષ 2022માં સોસાયટીના પ્રમુખ સતીષભાઈ પટેલ બન્યાં હતાં અને તેઓએ કારકુનને નિયમીત લોન કપાતના હપ્તા કાપવાનું કહેતા કારકુને હપ્તા કાપેલા. જેથી ગેરકાયદેસર લોનો ઉધારેલી હતી. તે શિક્ષકોએ હોબાળો કરતા પ્રમુખ સતીષભાઈ પટેલે સને 2022માં જિલ્લા રજીસ્ટ્રારને અરજી કરી છેતરપિંડી થયાની જાણ કરી હતી. જેથી તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. આ તપાસના રિપોર્ટમાં ઠાસરા તાલુકા પ્રાથમીક ટીચર્સ ક્રેડિટ સોસાયટી લી મંડળીમાં કુલ 31 શિક્ષકોના ખાતામાં માજી પ્રમુખ ગોકળભાઈ તથા માજી મંત્રી અજીતસિંહ તથા કલાર્ક પંકજે સભાસદોની જાણ બહાર લોનો ઉધારી હતી, નાણાકીય ગેરરીતીઓ આચરી કૌભાંડ કરી મંડળીને રૂ.2,12,69,240 તથા તેના વ્યાજનું આર્થીક નુકશાન કરેલાનું ઓડિટરની તપાસમાં જણાયું હતું. આ ઉપરાંત સભાસદોને ધિરાણ આપ્યા અંગેના કોઈ પુરાવા મંડળીમાં ઉપલબ્ધ નથી અને મંડળીએ વસુલાતની કોઈ કાર્યવાહી કરેલી નથી. આ ધિરાણ સભાસદોના ખાતે ખોટી રીતે લોનો ઉધારી નાણાકીય ગેરરીતીઓ આચરી મંડળીને રૂ.2.12 કરોડ તથા તેના વ્યાજનું આર્થીક નુકશાન કર્યું છે. આ અંગે ઠાસરા પોલીસે ગોકળભાઈ ઠાકોર, અજીતસિંહ ઝાલા અને પંકજ દેસાઈભાઈ પરમાર સામે ગુનો નોંધ્યો હતો.

## સેવાલિયા નગરના પ્રગતિપથમાં પાણી ભરાતા પ્રજાને પારાવાર હાલાકી



ગળતેશ્વર તાલુકાના વડામથક સેવાલિયા ખાતે પ્રગતિ પથમાં કામમાં તંત્ર દ્વારા ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી સેવાલિયામાં હોટ મિક્સ પ્લાન્ટ હોવા છતાં વારંવાર ખાડા પડી જાય છે અને તેમાં વરસાદી પાણી ભરાવવાના કારણે ચોમાસામાં બાઈક ચાલકો તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આથી, પ્રગતિપથના કામમાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ કરવા સેવાલિયાના નગરજનોમાં માગણી ઉઠી છે. - **તસવીર : સંજય શાહ**

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## માલવણ આર્ટસ કોલેજ અને સહકારી સંઘ દ્વારા સહકાર દિનની ઉજવણી કરાઇ



**લુણાવાડા |** માલવણ આર્ટસ કોલેજ અને સહકારી સંઘ લુણાવાડા - મહીસાગર દ્વારા "આંતરરાષ્ટ્રીય સહકાર દિન" ઉજવણીનો કાર્યક્રમ થયો ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન એમ કે મહેતા એન્ડ મતી એમ.એફ.દાણી આર્ટસ કોલેજ માલવણ, તાલુકો કડાણા,જીલ્લો મહીસાગર ખાતે એન.એસ.એસ. વિભાગનાં ઉપક્રમે મહીસાગર જિલ્લા સહકારી સંઘ લુણાવાડા ના સહયોગથી તા.03/07/2025 ગુરૂવારનાં રોજ કાર્યક્રમ કરવામાં આવ્યો. સંસ્થાના આચાર્ય ડો. સીએમ પટેલ નો શુભેચ્છા સંદેશ આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વક્તા તરીકે ડો. હરેશ ઘોણા અને મોતીભાઈ એસ પગી રહ્યા હતા. ડો. એસએસ ગાવીતે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ પી.ઓ ડો.નરેશ વણઝારાએ કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## વિસા ખડાયતા પ્રથમ એકડા પંચ વડીલોનું વિશ્રામ મંડળની સામાન્ય સભા યોજાઇ



**નડિયાદ |** વિસા ખડાયતા પ્રથમ એકડા પંચ વડીલોના વિશ્રામ મંડળની જૂન માસની સામાન્ય સભા મળી હતી. આ પ્રસંગે નડિયાદના વતની અને મંડળના પ્રમુખ ગોવિંદભાઇ શાહના ભાણા તથા કૃતાર્થ હોસ્પિટલના જાણીતા ફીઝીશ્યન ડો. તૃષાર શાહના પુત્ર કૃતાર્થ કે જે આ સમયે હોસ્ટેલની કેન્ટીનમાં ભોજન લેવા આવ્યો હતો. તે ભોજન લઇને મિત્રો સાથે ન બેસતાં કોલેજની લાયબ્રેરીમાં રવાના થયા તેની 10 જ મીનીટમાં આ ઘટના બનતા તેનો આબાદ બચાવ થતાં તેનું સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં 65થી 75 વર્ષના વડીલ યુવાનોએ પોતાની કલાકૃતિ રજૂ કરીને સૌને આ ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવો ડાંસ કરીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે ડો. ગોપાલભાઇ કાંતિલાલ શાહ અને અરૂણાબેન ગોપાલભાઇ શાહ, બીજા નંબરે કામીનીબેન મયંકભાઇ શાહ જયારે ત્રીજા નંબરે મયુરીબેન જીતુભાઇ શાહ વિજેતા બન્યાં હતાં.

## ચિખોદરાની લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં સંતોની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ યોજાયો



**આણંદ |** ચિખોદરા ગામના લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર વડતાલધામના આસિસ્ટન્ટ કોઠારી શાસ્ત્રી સંત શ્યામ વલ્લભ સ્વામીજી તથા સંત ગુણસાગર સ્વામીજીના હસ્તે બાલવાટિકાના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ આચાર્યા કુસુમબેન મેકવાને બાળકોને સ્કૂલ બેગની ભેટ આપી હતી. શાળાના દાતા રૂપાબેન પિનાકીનભાઈ પટેલ તરફથી નોટબુક તથા તિથિભોજન આપવામાં આવ્યું હતું. બાલવાટિકાના વાલીઓ તરફથી શાળાને પ્લાસ્ટીકની લપસણી તથા શૈક્ષણિક રમકડાંની ભેટ આપવામાં આવી હતી.

## ખેડાના વિવિધ ગામોમાં એવરગ્રીન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબુક વિતરણ કરાયું



**ખેડા |** ખેડા તાલુકાના વાસણા મારગિયા, લાલી, બીડજ, મહીજ, સાખેજ અને સમાદરા ગામની માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને મુંબઈની સામાજિક સંસ્થા એવરગ્રીન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબુક વિતરણના કાર્યક્રમો યોજવામાં આવ્યો હતો. આ ગામોની માધ્યમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓને નોટબુકો અને કંપાસનું નિ:શુલ્ક વિતરણ કરી શિક્ષણમાં સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન અશ્વિનભાઈ શાંતિલાલ શાહ, શાળાના આચાર્યો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ વિતરણ કાર્યક્રમનું સ્થાનિક આયોજન રંગ અવધૂત સેવા મંડળ અને ફી રેગ્યુલેશન કમિટીના સભ્ય જયેશભાઈ પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## ઉમરેઠ શહેરની લાયન્સ કલબનો 63મો શપથ વિધિ સમારોહ યોજાયો



**ઉમરેઠ |** લાયન્સ કલબ ઓફ ઉમરેઠ દ્વારા કલબનો 63મો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો. આ શપથવિધિ કાર્યક્રમ ગુજરાતમાં વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા ડો. યોગેશભાઈ દવે (પીડીજી) ના હસ્તે સ્ટેજ ઊપર પ્રોજેક્ટર મુકીને સૌને સમજાય તે રીતે સંચાલન કરવામાં હતો. આ પ્રસંગે મુખ્ય આશીર્વચન આપવા ઉમરેઠ બ્રહ્માકુમારી સેન્ટરથી બ્રહ્માકુમારી નીતાબેન ખાસ પધાર્યા હતા. આ ઉપરાંત મુખ્ય અતિથિ તરીકે જે. પી. ત્રિવેદી અને પ્રસંગ સાનિધ્ય ભરતભાઈ શાહની હાજરીમા યોજાયો હતો. આ પ્રસંગે ઉમરેઠ મામલતદાર નિમેષભાઈ પારેખ, પોલીસ ઇન્સ્પેકટર શૈફાલી બુલાન, દિપકભાઈ શાહ, ઘનશ્યામભાઈ પરમાર, નુપુરભાઈ પટેલ, તથા આણંદ, નડીઆદ, ખેડા, ખંભાત, પેટલાદ, ડાકોર, બોરસદ, ભાદરણ, પંચમહાલના સૌ લાયન સભ્યો ઊપસ્થિત રહ્યાં હતાં.

## પેટલાદની મોરડ પ્રા .શાળામાં મ .ભો .કર્મચારીઓ તથા સફાઇ કર્મીઓને ખાઉનું વિતરણ કરાયું



**પેટલાદ |** તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં સ્વ હરમાનભાઈ ચતુરભાઈ પટેલ (મોરડ)ના મોક્ષાર્થે તેઓના પત્ની કમળાબેન હરમાનભાઈ પટેલ પરિવાર તરફથી મોરડ પ્રા.શાળા, ખોડિયારપુરા પ્રા.શાળા તેમજ જલારામનગર પ્રા.શાળા એમ ત્રણેય શાળામાં જે બાલિકાઓને પિતા અથવા માતા ન હોય તેવી 12 બાલિકાને, 11 મધ્યાહન ભોજન કર્મચારીઓ તેમજ 5 સફાઈ કર્મચારીઓના પરિવારો એમ કુલ 28 જેટલા પરિવારોમાં ગૌરી વ્રત નિમિત્તે ખાઉ (ફરાળી વસ્તુઓ)ના ડબ્બાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનું સંકલન શાળાના શિક્ષક પરેશભાઈ પટેલ તથા હાર્દિકભાઈ પ્રજાપતિએ કર્યું હતું. આ તકે શાળાના આચાર્ય મનીષભાઈ સુથારે દાતા પરિવાર અને સંકલન કરનાર શિક્ષકોનો આભાર વ્યકત કર્યો હતો.

## કપડવંજના સુણદા ગામમાં એચએમ શાહ હાઇસ્કુલ ખાતે જાતીય શિક્ષણ પર સેમીનાર યોજાયો



**કપડવંજ |** સુણદા ગામની એસએમ શાહ હાઈસ્કૂલ ખાતે જાતીય શિક્ષણ અને સામાજિક પરિવર્તન પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં ગુડટચ બેડટચનું શિક્ષણ સ્વાસ્થ્ય શિક્ષણ, તરુણાવસ્થાનું શિક્ષણ વગેરે અંગેનું શિક્ષણ આપવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સોનાલીબેન દરબાર, નયનાબેન ચૌહાણ, પારૂલબેન દેવમુરારી અને રીનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.